વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in

**વંચાણે :** (૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૨૭/૨૦૧૫ તા.૧૪/૦૮/૨૦૧૫
(૨) માન.કુલપતિશ્રીની નોંધ જા.નં.નકૃયુ/પીએસવીસી/ફા.નં.૩૫/૧૮૦/૨૦૨૦ તા.૨૯/૧૦/૨૦૨૦

# પરિપત્ર

યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોનું દસ્તાવેજીકરણ સુદ્રઢ બનાવવા બાબત...

જયભારત સહ જણાવવાનું કે, આપણી યુનિવર્સિટી દ્વારા કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના વિવિધ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે, પરંતુ આ કાર્યક્રમોનું જે તે કચેરી દ્વારા યોગ્ય રીતે દસ્તાવેજીકરણ (Documentaion) કરવામાં આવતું ન હોઈ યુનિવર્સિટીના સ્પેકટ્રમ અને વાર્ષિક અહેવાલ જેવા મહત્વના ડોકયુમેન્ટસ માહિતીના અભાવે તૈયાર કરવામાં ખુબ જ મુશ્કેલી પડતી હોય છે તેમજ રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ યુનિવર્સિટીના પ્રેઝન્ટેશનમાં પણ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલ અગત્યની કામગીરીનો ઉલ્લેખ થઈ શકતો નથી. જે અંગે વંચાણે લીધેલ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો, પરંતું તેનો યોગ્ય અમલ ન થતા આ બાબતને ધ્યાને લઈને ઉપરોકત વંચાણે લીધેલ નોંધમાં માન. કુલપતિશ્રીએ દસ્તાવેજીકરણને સુદ્રઢ બનાવવા માટે સૂચના આપેલ છે.

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, તેઓના તાબા હેઠળની કચેરીઓ/વિભાગો દ્વારા મહિના દરમ્યાન યોજવામાં આવતા તમામ કાર્યક્રમો/પ્રવૃત્તિઓનો ટૂંકો અહેવાલ અંગ્રેજીમાં (વિષય, તારીખ/સમયગાળો, સ્થળ, વિષય વસ્તુ, ભાગ લેનારની સંખ્યા), ૩–૪ હાઈ રીઝોલ્યુશનવાળા jpg ફોટોગ્રાફસ–કેપ્સન સાથે જે તે કચેરીની સંકલિત માહિતી ત્યાર પછીના મહિનાની ૨ (બીજી) તારીખ સુધીમાં MS office word file formatમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં e-mail : dee@nau.in પર દર માસે નિયમિત રૂપે મોકલી આપવી.

ઉપરોકત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૨૨/૨૦૨૦
નવસારી તા.૦૪/૧૧/૨૦૨૦

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા અમલ થવા સારું.